# દર ગુરૂવારે અને શુક્રવારે સિટી એપોઇન્ટમેન્ટથી લગ્નના લાયસન્સ જારી કરશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (27 જુલાઈ 2020) – આજના દિનથી લાગુ, સિટી ઓફ બ્રૅમ્પટન દર ગુરૂવારે અને શુક્રવારે લગ્નના લાઈસન્સ એપોઈન્ટમેન્ટથી જારી કરવાનું શરૂ કરશે. અગાઉ, લગ્નના લાયસન્સ ફક્ત તાકીદની જરૂરિયાત અથવા સહાનુભૂતિના ધોરણે જારી થઈ રહ્યા હતાં.

લગ્નનું લાયસન્સ મેળવવા માટે રહેવાસીઓએ નીચેના પગલાં લેવાના રહેશે:

1. એપોઈન્ટમેન્ટ નક્કી કરો અહીં.
2. લગ્ન લાયસન્સ અરજીપૂર્ણ કરો, પ્રિન્ટ કરો, અને ખાતરી કરી લો કે બન્ને અરજદારો અરજી પર સહી કરે (ડિજિટલ સહી સ્વીકાર્ય નથી). એપોઈન્ટમેન્ટમાં માત્ર એક જ અરજદાર હાજર રહી શકશે.
3. પૂર્ણ કરીને સહી કરેલ લગ્નના લાયસન્સની અરજી જરૂરી હોય તેવા દરેક ઓળખપત્રો અને છૂટાછેડા (લાગુ હોય તો)ના દસ્તાવેજો સાથે નિયત એપોઇન્ટમેન્ટ પર સાથે લઈને આવવા.

તમામ જરૂરિયાતો માટે રહેવાસીઓ સિટીની વેબસાઇટ ની મુલાકાત લઈ શકે છે કારણકે જો કોઈપણ દસ્તાવેજ હાજર નહીં હશે તો લગ્નનું લાયસ્ન્સ જારી કરી શકાશે નહીં. માહિતી એક કરતા વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

આ સમયે મર્યાદિત એપૉઇન્ટમેન્ટો ઉપલબ્ધ છે અને વૉક-ઇન એપૉઇન્ટમેન્ટ ઉપલબ્ધ નથી. આ સમયમાં નાગરિક વિવાહ સમારોહ રદ કરવામાં આવ્યા છે.

COVID-19 ના રોગચાળા દરમિયાન રહેવાસીઓ અને સ્ટાફના આરોગ્ય અને સુરક્ષાના રક્ષણ માટે સિટીના તમામ સાર્વજનિક કાઉન્ટરો બંધ છે.

રહેવાસીઓને સ્મૃતિ અપાવીએ છીએ કે સિટીના COVID-19 મેન્ડેટરી ફેસ કવરિંગ્સ બાય-લૉ હેઠળ બ્રૅમ્પટનમાં તમામ સાર્વજનિક સ્થળો પર ફરજિયાત છે તેમ સિટી હૉલની મુલાકાત લેતી વખતે તેઓ બિન તબીબી માસ્ક અથવા ચહેરાનું આવરણ પહેરે તે જરૂરી છે.

વધુ માહિતી માટે અને એપૉઇન્ટમેન્ટ બૂક કરાવવા www.brampton.ca ની મુલાકાત લો.

-30-

# BRAMPTON Service and Information Update

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca